# વાપી નગરપાલિકા

વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે,વાપી – ૩૯૬૧૯૧, તા– વાપી, જિ. વલસાડ

## VAPI NAGARPALIKA

Nr.Vapi Town Police Station, At. Po. Vapi- 396191, Tal. Vapi-,Dist. Valsad.

| -: કચેરી– Office :– | -: ચીફ ઓફિસર– Chief Officer :– | -: પ્રમુખ– President :– |
|---|---|---|
| (0260) 2463378<br>(0260) 2462803<br>(0260) 2463376 | (0260) 2462301<br>E-mail :vapimun@yahoo.com<br>Website:- vapimunicipality.com | (0260) 2461402<br>-:ફાયર સ્ટેશન – Fire Station :–<br>(0260) 2460100 |


જા.નં.મહેકમ/વશી/૭૫૭/૨૦૨૩–૨૪/ તા.૨૩/૦૨/૨૦૨૪

## વાપી નગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ જાહેરાત ક્રમાંક નં.માહિતી/વલસાડ/૨૨૯/૨૦૨૩ સંદર્ભે પરીક્ષા માટે હોલ ટિકીટ માટેની જરૂરી સુચના

વાપી નગરપાલિકા ધ્વારા સીધી ભરતી અંગે માહિતી વિભાગ વલસાડ મારફતે આપવામાં આવેલ જાહેરાત ક્રમાંક નં.માહિતી/વલસાડ/૨૨૯/૨૦૨૩ સંદર્ભે હોલ ટિકીટ ડાઉનલોડ કરવા માટેની જરૂરી સુચનાઓ નીચે મુજબ છે.

**સુચનાઓ :–**

(૧) વાપી નગરપાલિકાની હોલ ટિકીટ (એડમીટ કાર્ડ) વાપી નગરપાલિકાની વેબસાઈટ www.vapimunicipality.com ઉપર મુકવામાં આવેલ છે.તથા દરેક પોસ્ટ મુજબ સીટ નંબર પણ ફાળવવામાં આવેલ છે.જેમાંથી દરેક ઉમેદવારે પોતાની હોલ ટિકીટ ડાઉનલોડ કરી વાપી નગરપાલિકાની કચેરીએ તા.૨૭/૦૨/૨૦૨૪ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં જરૂરી રૂબરૂમાં વેરીફાઈ કરાવી લેવી.વેરીફાઈ કરાવવા માટે નીચે મુજબના ડોક્યુમેન્ટ લાવવાના રહેશે.

–દરેક પોસ્ટ માટે અલગ અલગ પાસપોર્ટ સાઈઝનો ફોટો (શક્ય હોય ત્યાં સુધી અરજમાં રજુ કરેલ ફોટો જ લાવવો)

– સરકાર માન્ય રહેણાંકના પુરાવા વાળુ ઓરીજીનલ ફોટો આઈ ડી પ્રુફ

(૨) હોલ ટિકીટ (એડમીટ કાર્ડ) નગરપાલિકા ધ્વારા વેરીફાઈ થયેલ ન હોય તેવા માન્ય ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ મળશે નહી.

(૩) માન્ય ઉમેદવારે એક કરતા વધુ જગ્યા માટે ઉમેદવારી કરી હોય તેવા દરેક ઉમેદવારે દરેક જગ્યા માટે અલગ અલગ પાસપોર્ટ સાઈઝનો ફોટો લાવવાનો રહેશે.

(૪) પરીક્ષા કેન્દ્રમાં માત્ર માન્ય ઉમેદવારને જ પ્રવેશ મળશે.તે સિવાય કેન્દ્રમાં પ્રવેશ મળશે નહી.

(૫) પરીક્ષાખંડમાં દાખલ થયા બાદ પરીક્ષા પૂર્ણ ન થાય ત્યા સુધી કોઈપણ સંજોગોમાં ઉમેદવારને પરીક્ષાખંડ માંથી બહાર નિકળવા દેવામાં આવશે નહી.

(૬) તમામ માન્ય ઉમેદવારે સરકાર માન્ય રહેણાંકના પુરાવા વાળુ ઓરીજીનલ ફોટો આઈ ડી પ્રુફ હોલ ટિકીટ (એડમીટ કાર્ડ) વેરીફાઈ સમયે અને પરીક્ષા સમયે સાથે રાખવાનું રહેશે.

(૭) પરીક્ષા સમય શરૂ થયા બાદ કોઈપણ ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે નહી.

(૮) ઉમેદવારે પરીક્ષા સમયના બરાબર ૦૧ કલાક પહેલા પરીક્ષા કેન્દ્ર ઉપર પહોંચી રીપોટીગ કરવાનું રહેશે.

હુકમથી. – ચીફ ઓફીસર
વાપી નગરપાલિકા